# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

## મહીસાગર લુણાવાડા

## (RMSA શાખા)

# શાળા સિદ્ધિ

# SHAALA SIDDHI

RMSA

**Evaluation For Improvement (ઈમ્પ્રુવમેન્ટ મૂલ્યાંકન)**

**Core Standards Descriptor in Gujarati**

## શાળા સિદ્ધિ માર્ગદર્શિકા

(ભાવાનુવાદ)

पढ़े चलो, बढ़े चलो

RASHTRIYA MADHYAMIK SHIKSHA ABHIYAN

Published by the RMSA Team, District Educational Office, Mahisagar Lunawada

ભાવાનુવાદ કર્તા:  શ્રી એમ.આર.વ્યાસ અને શ્રી બી.એમ.સીભાઈ

# શાળાનું રજીસ્ટ્રેશન કરવા નીચે મુજબના Step અનુસરો.

વેબસાઈટ www.shaalasiddhi.nuepa.org ઓપન કરો.

Step: 1

- Login પર Click કરો.
- New User? Click Here? પર Click કરો.
- Select Level માં School Level Select કરો.
- શાળાનો યુ-ડાયસ કોડ (૧૧ અંક) એન્ટર કરો.
- આચાર્યનું નામ, અટક અને મોબાઇલ નંબર લખો.
- ઈમેઈલ આઈ.ડી. લખો.
- Create Pin (OTP) પર click કરો.
- રજીસ્ટર મોબાઇલ નંબર અથવા ઈમેઈલ આઈ.ડી. પર ૬ અંકનો One Time Password (OTP) આવશે. જે નોંધી રાખશો. (જો ૧૨૦ સેકન્ડમાં OTP જનરેટ ન થાય તો Regenerate Pin(OTP) બટન પર Click કરો. આમ ૬ અંકનો OTP મોબાઇલ નંબર અથવા ઈમેઈલ આઈ.ડી. પર ફરીથી મળશે.)
- ૬ અંકનો One Time Password (OTP) લખો.
- Submit પર Click કરો.

Step: 2

- Create Password પર click કરો.
- Create New Password માં નીચે આપેલ ઉદાહરણ મુજબ ૮ થી ૧૦ લેટરનો પાસવર્ડ બનાવી એન્ટર કરો.
- Confirm Password માં તે જ પાસવર્ડ ફરીથી એન્ટર કરો.
- Create User પર click કરો.
  (પાસવર્ડ ૮ થી ૧૦ લેટરમાં બનાવવો. જેમાં ઓછામાં ઓછો ૧ કેપિટલ, ૧ સ્મોલ, ૧ સ્પેશીયલ લેટર અને ૧ અંકનો ઉપયોગ કરવો જરૂરી છે. ઉદાહરણ તરીકે – Dsp@12345)

RMSA

## Step: 3

- Create Password બાદ શાળા સિદ્ધિ હોમ પેજ પર ઉપરના મથાળે આપેલ Login ટેબ પર Click કરો. આમ Login વિન્ડો ઓપન થશે જેમાં, User Name માં શાળાનો યુડાયસ કોડ(૧૧ અંક) એન્ટર કરો. Password માં નવો જનરેટ કરેલ પાસવર્ડ (૮ થી ૧૦ લેટર) એન્ટર કરો.
- Submit પર Click કરો.
- School Evaluation Dashboard ઓપન થશે.
- School Evaluation Dashboard માં શાળાની Learners, Teachers, School Evaluation Composite metrix (૭- key Domain તથા ૪૬- Core Standard)ની માહિતી ભરવી.

RMSA

## Key Domain 1

| Core Standard | Descriptor | | | | | |
|---|---|---|---|---|---|---|
| | Availability and Adequacy | | | Quality and Usability | | |
| | Level -1 | Level -2 | Level -3 | Level -1 | Level -2 | Level -3 |
| **School Premises** | જે શાળામાં ખુલ્લી મર્યાદીત જગ્યા હોય કાચું /પાકું/ટેન્ટ નું મકાન હોય કોટ/ તારની વાડ આવેલ ન હોય અથવા જર્જરિત હોય બગીચો / વૃક્ષો ન હોય | ખુલ્લી જગ્યા અને બંધાયેલું મકાન સભા ખંડ સાથે ઉપલબ્ધ હોય પણ વિદ્યાર્થીઓના પ્રમાણમાં ના હોય વાડ અથવા કોટ દરવાજા વિનાની હોય વૃક્ષો/બગીચો થોડા પ્રમાણમાં હોય | સભાખંડ સહિત ખુલ્લી જગ્યા, કોટ અથવા તારની વાડ હોય અને આ બધુ પૂરતું હોય | ખુલ્લી જગ્યાનો ઉપયોગ ફક્ત સભા માટે થતો હોય શાળા સંકૂલ ગંદુ હોય દેખરેખ, ના રખાતી હોય મહત્તમ રિપેરિંગ (ભોય તળીયું / દીવાલો /છત બારણાં/ બારીઓ) નું જરૂરી હોય | સભા માટેની જગ્યા શારીરિક કસરત અને બીજા કાર્યક્રમો માટે ઉપયોગી હોય. મેદાન હોય અને ભોય તળીયું/ દીવાલો/ છત/ બારણાં નું રીપેરીંગ જરૂરી હોય અને પ્રસંગોપાત દેખરેખ રખાતી હોય | મકાન અને ખુલ્લી જગ્યા પૂરતી અને સ્વચ્છ હોય, દેખરેખ રખાતી હોય અને નિયમીત સમયે રીપેરીંગ થતું હોય |

RMSA

| Core Standard | Descriptor | | | | | |
|---|---|---|---|---|---|---|
| | Availability and Adequacy | | | Quality and Usability | | |
| | Level -1 | Level -2 | Level -3 | Level -1 | Level -2 | Level -3 |
| Playground and Sports Equipment/ Materials | શાળા પાસે મેદાન ન હોય શાળા જરૂરીયાત પ્રમાણે પાડોશી શાળા અથવા અન્ય જગ્યા નો ઉપયોગ કરતી હોય સાધનો અને સંસાધનો ના હોય અથવા મર્યાદીત હોય | અપૂરતી જગ્યાવાળું મેદાન હોય ચોક્કસ રમતો માટે અન્ય શાળાનું મેદાન ઉપયોગમાં લેવું પડતું હોય થોડીક જ રમતો માટેના સાધનો ઉપલબ્ધ હોય | પૂરતી જગાવાળુ મેદાન, રમત ના પૂરતા સાધનો વિવિધ રમતો માટે પૂરતા પ્રમાણમાં હોય | વિદ્યાર્થીઓ ક્યારેક એવી રમતો રમે છે જેમાં ઓછામાં ઓછા અથવા બિલકુલ નહી તેવા પ્રમાણમાં સાધનોની જરૂર હોય. દેખરેખ માર્ગદર્શન ઉપલબ્ધ ન હોય | વિદ્યાર્થીઓને મર્યાદીત રમતો માટે પૂરતું મેદાન મળતું હોય ચોકકસ સમય ફળવાતો હોય રમતોનુ અને આવી પ્રવૃતિ ની દેખરેખ રખાતી હોય સાધનો ની દેખરેખ રખાતી હોય જરૂરીયાત પ્રમાણે મળતા હોય શાળાની પ્રવૃતિઓ શાળાના મેદાન માં કે બહાર તેનું આયોજન થતું હોય | વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં આયોજન મુજબ ભાગ લેતા હોય તાલીમ, માર્ગદર્શન ઉપલબ્ધ હોય જરૂરી સાધનો વસાવવાના હોય આંતરશાળા રમતોત્સવનું આયોજન દર વર્ષે થતું હોય |

RMSA

| Core Standard | Descriptor | | | | | |
|---|---|---|---|---|---|---|
| | Availability and Adequacy | | | Quality and Usability | | |
| | Level -1 | Level -2 | Level -3 | Level -1 | Level -2 | Level -3 |
| **Classroom and other Rooms** | વર્ગખંડ ભરચક હોય. અન્ય વર્ગ ઉપલબ્ધ ના હોય (શાળાના ઉપરી સિવાય ફર્નીચર પૂરતા પ્રમાણમાં ના હોય ) | થોડા વર્ગખંડ ભરચક હોય, શાળાના વડા અને શિક્ષકો માટે કોમન રૂમ ઉપલબ્ધ ના હોય પૂરતા પ્રમાણમાં ફર્નીચર હોય | પૂરતી જગાવાળા પૂરતી સંખ્યામાં વર્ગખંડો હોય. જેમાં જૂથ કાર્ય, અન્ય પ્રવૃતીઓ કરી શકાય. વધારાના રૂમનો ઉપયોગ ઓફીસ, સ્ટોરરૂમ, ક્રાફ્ટરૂમ વગેરે માટે થઈ શકે તેમ હોય. દરેક વર્ગમાં પૂરતી પાટલીઓ, ખુરશીઓ હોય, શિક્ષકોને કબાટ, લોકર્સ ફાળવેલા હોય | વર્ગખંડો જોડાયેલા હોય, હવા ઉજાસની ઓછી સુવીધા હોય, અપૂરતા પ્રમાણમાં વીજળી હોય, બ્લેક બોર્ડ નબળી કક્ષાના હોય, ચાર્ટ નક્શાનું પ્રમાણ ઓછુ હોય. ફર્નીચર નબળી કક્ષાનું હોય જેને બદલવાની અથવા રીપેરીંગ કરવાની જરૂર હોય | મોટા ભાગના વર્ગો- ખંડોમાં હવા ઉજાસ હોય વીજળી-પંખા જરૂરીયાત મુજબ હોય. મોટા ભાગના વર્ગખંડોમાં ચાર્ટ, નકશા દીવાલો પર લગાવેલા હોય. ફર્નીચર સારી સ્થિતિમાં હોય | દરેક વર્ગખંડ પૂરતા હવા ઉજાસ, વિજળી ફર્નીચર યુક્ત હોય, પૂરતા પ્રમાણમાં ચાર્ટ નકશા ચિત્રો લગાવેલા હોય, વાતાવરણ આકર્ષક હોય ફર્નીચર સારી રીતે ગોઠવાયેલું હોય અને દિવ્યાંગ બાળકો માટે પણ સુવિધાજનક હોય |
| **Electricity And Gadgets** | વીજળી ના હોય. બેટરી સંચાલીત સાધનો જેમકે રેડિયો વગેરે ઉપલબ્ધ હોય | વીજળી અનિયમીત હોય. પાવરકટ વખતે અન્ય વિકલ્પ ના હોય, દરેક વર્ગમાં વીજળી સંચાલીત લાઇટ પંખા હોય, ટી.વી રેડિયો જેવા સાધનો ઉપલબ્ધ હોય | શાળા પાસે વીજળી માટેની પોતાની સવિધા હોય, જેમકે જનરેટર, ઇનવટર જેનો ઉપયોગ પાવર કટ વખતે થતો હોય દરેક વર્ગમાં પૂરતી લાઇટ- પંખા હોય જગ્યા માં પબ્લીક એડ્રેસ માટેની સુવિધા હોય | શાળા ખાસ પ્રસંગે જનરેટર/ બેટરી અને બીજા સાધનો ખાસ પ્રસંગ માટે મંગાવાતી હોય | વાયરીંગ સ્વીચબોર્ડ સારી હાલતમાં હોય, અન્ય સાધનો જેમકે પંખા વગેરે નિયમીત સર્વિસ થતાં હોય | શોર્ટ સર્કીટ થાય તેવા સંજોગોમાં વિદ્યુત પુરવઠો આપોઆપ બંધ થાય તે માટે MCB સ્વીચ લગાવેલી હોય ઉપરાંત તમમાં વીજળીના સાધનોની નિયમીત ચકાસણી અને સમારકામ કરી ચાલુ રખાતા હોય |

RMSA

| Core Standard | Descriptor | | | | | |
|---|---|---|---|---|---|---|
| | Availability and Adequacy | | | Quality and Usability | | |
| | Level -1 | Level -2 | Level -3 | Level -1 | Level -2 | Level -3 |
| Library | પૂરતા પ્રમાણમાં પુસ્તકો ન હોય ઉપરાંત લાઈબ્રેરી ખંડ કે અલાયદી જગ્યા વાંચન માટે ન હોય | પૂરતા પ્રમાણમાં પુસ્તકો મેગેઝીન અને વર્તમાન પત્રો હોય, નિયમિત આવતા હોય, વાચન માટેની જગ્યા-ખંડ હોય e-books, અથવા Digitized (DC DVD વગેરે) ઉપલબ્ધ ન હોય | વિશાળ સંખ્યામાં પુસ્તકો હોય મેગેઝીન્સ, સામાયિકો અને વર્તમાન પત્રો નિયમિત આવતા હોય, લાઈબ્રેરી ખંડ અને વાચન માટે પૂરતી જગા હોય, e-books, અથવા Digitized મટીરીયલ્સ હોય | પુસ્તકો યોગ્ય રીતે વર્ગીકૃત ના હોય. સમયપત્રકમાં લાઈબ્રેરીનો તાસ ફાળવેલ ન હોય. બાળકોને પુસ્તક વાચન માટે ઘેર ન આપતા હોય | પુસ્તકો વર્ગીકૃત કરીને સારી રીતે રખાતા હોય હોય. લાઈબ્રેરી તાસાનુ આયોજન કરે નિયમિત રીતે આપતા હોય. નવા પુસ્તકો ઉમેરાતા હોય. | પુસ્તકો પધ્ધતીસર ગોઠવીને વર્ગીકૃત કરાતા હોય, શિક્ષકો-વિદ્યાર્થીઓ નિયમિત વાચન કરતાં હોય. e-books, અને Digitized મટીરીયલ્સ અપાતું હોય. પુસ્તકો અભ્યાસક્રમને અનુરૂપ હોય. વિદ્યાર્થીઓની વયકક્ષા શૈક્ષણિક જરૂરીયાતને ધ્યાને લઈ ઉમેરાતા હોય |

| Core Standard | Descriptor | | | | | |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| | Availability and Adequacy | | | Quality and Usability | | |
| | Level -1 | Level -2 | Level -3 | Level -1 | Level -2 | Level -3 |
| Laboratory | શાળામાં અલગ પ્રયોગશાળા ન હોય પરંતુ કોઈક જગ્યામાં પ્રયોગશાળાના સાધનો મૂકાતા હોય | પાયાની જરૂરીયાત ના સાધનો અને પ્રયોગ માટે જરૂરી સાધનો હોય. ગણિત અને વિજ્ઞાન માટે ઉપયોગી હોય | તમામ પ્રકારના સાધનો ઉપલબ્ધ હોય. સાધનો, પદાર્થો વર્ગીકૃત હોય. પાણી વીજળીની પૂરતી સુવિધા હોય | શિક્ષક પોતે પ્રયોગ કરાવતા હોય. વિદ્યાર્થીઓ ને ક્યારેક જાતે પ્રયોગ કરવાની તક મળતી હોય | શિક્ષક અભ્યાસક્રમ મુજબ પ્રયોગો કરાવતા હોય. વિદ્યાર્થીઓ ક્યારેક જાતે પણ પ્રયોગ કરતાં હોય અને સુરક્ષાની વ્યવસ્થા હોય | વિદ્યાર્થીઓ પોતે પ્રયોગ કરી શકતા હોય, શિક્ષક પ્રયોગશાળાનો સતત ઉપયોગ કરતાં હોય અને વર્ગખંડના કાર્યને પ્રયોગશાળા સાથે જોડતા હોય |
| Computer (Where provisioning exists) | શાળામાં શિક્ષણકાર્ય માટે Computer નો ઉપયોગ ન થતો હોય Digital Learning Materials ઉપલબ્ધ ન હોય | શાળા પાસે મર્યાદીત સંખ્યામાં વિદ્યાર્થીઓ-શિક્ષકો માટે Computer ઉપલબ્ધ હોય કેટલાક Software અને Digital Learning Materials ઉપલબ્ધ હોય | શાળામાં ઇન્ટરનેટ જોડાણ સાથે પૂરતી સંખ્યામાં Computer હોય. Up to Date અને પૂરતા પ્રમાણમાં Digital Learning Materials અને Software ઉપલબ્ધ હોય | વિદ્યાર્થીઓઅને શિક્ષકોને Computer નો ઉપયોગ કરવાની તક ના મળતી હોય | શિક્ષકો વિવિધ વર્ગોમાં Computers અને Digital Materials નો યોગ્ય રીતે ઉપયોગ કરતાં હોય વિદ્યાર્થીઓને અવાર નવાર Computer નો ઉપયોગ કરવાની તક અપાતી હોય | શિક્ષકો શૈક્ષણિક આયોજન-પ્રવૃતિમાં ટેક્નોલૉજીના ઉપયોગને વણી લેતા હોય અને ઉપયોગમાં અમલ કરતાં હોય વિદ્યાર્થીઓના પરીક્ષણ કાર્યમાં પણ Computer નો ઉપયોગ થતો હોય દરેક વિદ્યાર્થીને Computer નો ઉપયોગ કરવાની તક મળતી હોય |

| Core Standard | Descriptor | | | | | |
|---|---|---|---|---|---|---|
| | **Availability and Adequacy** | | | **Quality and Usability** | | |
| | **Level -1** | **Level -2** | **Level -3** | **Level -1** | **Level -2** | **Level -3** |
| **Ramp** | Ramp ન હોય | Ramp છે પરંતુ ચોકસાઇયુક્ત જરૂરીયાત મુજબ નથી | Rail લપસી ન જવાય તેવી ચાલવાની સપાટી યુક્ત, ઢાળ ઉંચાઇ વગેરે યોગ્ય રીતે બનાવેલ Ramp હોય | દિવ્યાંગ બાળક માટે Ramp ની સુવિધા ન હોય | દિવ્યાંગ બાળકને Ramp નો ઉપયોગ કરતી વખતે મદદની જરૂર પડતી હોય | દિવ્યાંગ વિદ્યાર્થી પોતે સ્વતંત્ર રીતે કોઈ ની મદદ વિના ઉપયોગ કરી શકતો હોય |
| **Mid Day Meal, Kitchen and Utensils** | ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓને મધ્યાહ્‌ન ભોજન લાગુ પડશે નહીં | | | | | |

RMSA

| Core Standard | Descriptor | | | | | |
|---|---|---|---|---|---|---|
| | Availability and Adequacy | | | Quality and Usability | | |
| | Level -1 | Level -2 | Level -3 | Level -1 | Level -2 | Level -3 |
| **Drinking Water** | પીવાનું પાણી ઉપલબ્ધ હોય. સપ્લાય અપૂરતો હોય | પીવાનું પાણીનો સપ્લાય નિયમિત હોય જો પીવાનું પાણીનો સ્ત્રોત અંડરગ્રાઉંડ હોય તો તેનું શુદ્ધીકરણ થતું હોય | પીવાલાયક ચોખ્ખું પાણી સતત મળતું હોય Retrofitting of (R.O)Drinking Water સુવિધા હોય તેની કાળજી સતત લેવાતી હોય શુદ્ધીકરણ થતું હોય | જે રીતે સપ્લાય થતો હોય તેજ રીતે ચકાસણી વિના ઉપયોગ થતો હોય | પીવાનું પાણી સ્વચ્છ હોય અને જરૂરી હોય તો પાણીના સંગ્રહની વ્યવસ્થા હોય અને તેની સફાઇ નિયમિત થતી હોય | પીવાનું ચોખ્ખું પાણી નિયમિત મળતું હોય. પાણી પીવાની જગ્યાની આજુ બાજુની જગ્યાની નિયમિત સફાઈ થતી હોય |
| **Hand Wash Facilities** | પાણી અપૂરતું મળતું હોય. હાથ ધોવાની જગ્યાની સંખ્યાનું પ્રમાણ અપૂરતું હોય સાબુ ન હોય | પાણી પૂરતું મળતું હોય. હાથ ધોવાની જગ્યાની સંખ્યાનું પ્રમાણ અપૂરતું હોય સાબુનો સપ્લાય અપૂરતો હોય | પૂરતું પાણી, હાથ ધોવાની જગ્યાની સંખ્યાનું પૂરતું પ્રમાણ, તથા પૂરતો સાબુનો જથ્થો હોય | હાથ ધોવાની જગ્યા, પાણીના પાત્ર, ભાગ્યેજ સ્વચ્છ હોય, શિક્ષકો હાથ ધોવાના મહત્વ વિશે ક્યારેક જ વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં હોય વિદ્યાર્થીઓ ભાગ્યેજ હાથ ધોતા હોય અથવા સાબુ વિના ધોતા હોય | હાથ ધોવાની જગ્યા, પાણીના પાત્ર સ્વચ્છ હોય નિયમિત કાળજી લેવાતી હોય, શાળા સભામાં શિક્ષકો હાથ ધોવાના મહત્વ વિશે વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં હોય, અને તેની દેખરેખ-તપાસ અવારનવાર રાખતા હોય | હાથ ધોવાની જગ્યા રોજ સાફ થતી હોય, હાથ ધોવા અંગે, આરોગ્ય અંગે શાળા દ્વારા સૂત્રો, પોસ્ટર, ગીતો,skil, અભિનય વગેરેના માધ્યમથી નિયમિત Sessions માં માહિતી અપાતી હોય, જુદા જુદા forum ની રચના થી હાથ ધોવાની આદત પર ભાર મૂકાતો હોય શાળાના વડા આ બાબતો નું અને વિદ્યાર્થીના આરોગ્યપ્રદ ટેવોની દેખરેખ રાખતા હોય |

| Core Standard | Descriptor | | | | | |
|---|---|---|---|---|---|---|
| | Availability and Adequacy | | | Quality and Usability | | |
| | Level -1 | Level -2 | Level -3 | Level -1 | Level -2 | Level -3 |
| **Toilets** | બિલકુલ ન હોય અથવા ઓછી સંખ્યા માં જાજરૂ મુતરડી ઉપલબ્ધ હોય, કુમાર, કન્યા અને દિવ્યાંગો માટે અલગ વ્યવસ્થા ન હોય. | છોકરા છોકરીઓં માટે અલગ જાજરૂ મુતરડીની વ્યવસ્થા હોય પરંતુ સંખ્યાના પ્રમાણમાં પૂરતી સંખ્યામાં ના હોય | છોકરા છોકરીઓં માટે સંખ્યાના પ્રમાણમાં જાજરૂની સંખ્યા પૂરતી હોય, સંખ્યાના પ્રમાણમાં હોય અને દિવ્યાંગો સહેલાઇથી ઉપયોગ કરી શકે તેમ હોય | જાજરૂ અને મૂતરડીની સ્થિતિ સારી ના હોય અને નિયમિત સફાઇ ના થતી હોય ઉપયોગ માટે પાણીનો જથ્થો પૂરતો ના હોય | જાજરૂ અને મૂતરડીની સ્થિતિ સારી હોય દિવસમાં એક વાર સફાઈથતી હોય પાણીનો જથ્થો મર્યાદીત સમય ચાલે તેટલો હોય ક્યારેક જ તેનો સમારકામ થતું હોય | તમામ જાજરૂ તથા મૂતરડીની સફાઈ નિયમિત થતી હોય પાણી નો જથ્થો પૂરતા પ્રમાણમાં હોય શાળા દ્વારા નિયમિત રીતે તેનું સમારકામ થતું હોય. |

RMSA

## Key Domain 2

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **Teacher's Understanding Of Learners** | શિક્ષક વિદ્યાર્થીઓના સામાજીક સાંસ્કૃતિક આર્થિક પૃષ્ઠભૂમિથી જાગૃત હોય તેના Home Background વિશે સામાન્ય માહિતી હોય અને શીખવાના સ્તર વિશે માહિતી હોય | શિક્ષક વિદ્યાર્થીઓના સામાજીક સાંસ્કૃતિક આર્થિક પૃષ્ઠભૂમિને સમજતો હોય અને વર્ગખંડના અનુભવો, અન્ય શિક્ષકો સાથેની વાતચીત વાલી માં-બાપ સાથે અને સમાજ સાથે ની વાતચીતના આધારે વિદ્યાર્થીની શૈક્ષણિક જરૂરીયાતોને સમજતો હોય | શિક્ષક વિદ્યાર્થીઓના માતા પિતા પાસેથી વિદ્યાર્થીઓના દેખાવ વિશે પધ્ધતિસર પ્રતિભાવ મેળવતો હોય. શીખવાની પધ્ધતિના માધ્યમથી દરેક વ્યક્તિગત શૈક્ષણિક જરૂરીયાત સંતોષતો હોય અને વિદ્યાર્થીને સમૃદ્ધ કરતો હોય |
| **Subject and Pedagogical Knowledge of Teachers** | શિક્ષણની ચોક્કસ સંકલ્પનાઓને સમજવામાં મુશ્કેલી અનુભવતો હોય વિદ્યાર્થીના મનોવલણો અને વિષયના જ્ઞાન કૌશલ્યને સુધારવાનો મર્યાદીત પ્રયત્ન કરતો હોય | શિક્ષક મુશ્કેલ- અઘરી  સંકલ્પનાઓને સમજવામાં પોતાના વિષયમાં મુશ્કેલી અનુભવતો હોય વિદ્યાર્થીના મનોવલણોને યોગ્ય રીતે ન સમજી શકતો હોય ઉપલબ્ધ મદદ અને સ્ત્રોત (Subject Forum, તાલીમ કાર્યક્રમ) ની મદદથી તેના વિષય વસ્તુ અને વિદ્યાર્થીના મનોવલણોને સમજવાનો પ્રયત્ન કરતો હોય | પોતાના વિષય નું જ્ઞાન  અને વિદ્યાર્થીના મનોવલણોની  સમજમાં શિક્ષક નિષ્ણાંત હોય. વર્ગખંડમાં ભાગ્યે જ તકલીફ અનુભવતો હોય પોતાના સાથી મિત્રોનું જ્ઞાન બાળ-મનોવલણોની સમજ ને વિકસાવવામાં પોતે આગવા પગલાં લઈ મદદરૂપ થતો હોય. શાળા પણ ઉપરોક્ત બાબતોને Update કરવામાં મદદ વધારતી હોય |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **Planning for Teaching** | શિક્ષકો પાઠ્યપુસ્તકના આધારે અભ્યાસ ક્રમ પૂરો કરવાના આશયથી પાઠ ભણાવતા હોય.યોગ્ય મુદ્દાઓ ભણાવવા માટે અને શૈક્ષણિક સાધનોના ઉપયોગ માટે જાગૃત હોય | શિક્ષકો શિક્ષણકાર્ય  પરીક્ષણ કાર્ય ને ધ્યાનમાં રાખી ઊંડાણપૂર્વક આયોજન ડાયરી નિભાવતા હોય જેમાં TLM ઉપયોગ અને સ્થાનિક સ્ત્રોતના આધારે શૈક્ષણિક સાધનો બનાવતા હોય | શાળાનું એ વાતાવરણ હોય કે જ્યાં દરેક શિક્ષક વિદ્યાર્થીની જરૂરીયાત મુજબ પાઠ આયોજન, તાસ આયોજન કરતાં હોય જેમાં યોગ્ય TLM, યોગ્ય સંદર્ભો, વાતાવરણ, યોગ્ય શૈલી જેવી કે અવલોકન, વિસ્તાર, શોધ, વિશ્લેષણ, વિવેચનાત્મક પ્રતિભાવ, સમસ્યા ઉકેલ જેવી બાબતોના વિચાર કરીને શૈક્ષણિક પ્રકીયાને અસરકારક બનાવાતી હોય |
| **Enabling Learning Environment** | શિક્ષકો વિદ્યાર્થીઓને નામથી સંબોધતા હોય શૈક્ષણિક પ્રકીયા માટેના પાયા ના સ્ત્રોત ઉપલબ્ધ કરાવતા હોય | શિક્ષકો વિદ્યાર્થીઓને વર્ગખંડ પ્રવૃતિમાં સહજતાથી વાણી લેતા હોય જેમકે આયોજન, જુથ કાર્ય પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓના કાર્યનો દીવાલ પર પ્રદર્શન જેમકે ચાર્ટ વગેરે. TLM નો દરેક માટે ઉપયોગ સહજતાથી થતો હોય | શિક્ષકો યોગ્ય સહજ અને આદાન પ્રદાન યુક્ત વાતાવરણ વર્ગખંડમાં સર્જતા હોય, આદાન પ્રદાન કે પ્રોત્સાહીત કરતાં હોય. અભિવ્યક્તિની તક આપતા હોય દરેક વિદ્યાર્થીના Views ની પ્રશંશા કરતાં હોય, પ્રશ્નોત્તરી Share કરવું જેવી બાબતો – પ્રવૃતિઓને પ્રોત્સાહીત કરતાં હોય |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | **Level -1** | **Level -2** | **Level -3** |
| **Teaching Learning Process** | શિક્ષકોવર્ગમાં ફક્ત પાઠ્યપુસ્તક અને બ્લેક બોર્ડનો ઉપયોગ કરતાં હોય, વિદ્યાર્થીઓ પાસે બ્લેક બોર્ડનો લખાણ કોપી કરાવતા હોય પ્રસંગોપ્રાંત ગૃહકાર્ય આપતા હોય | શિક્ષક વિદ્યાર્થીઓને ચર્ચામાં સામેલ કરવા માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરતાં હોય, સંકલ્પનાઓ સમજાવવા માટે વર્ગખંડમાં પ્રયોગ કરતાં હોય, વધારાની મદદની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને મદદ કરવા ખાસ પ્રયત્નો કરતાં હોય. ગૃહકાર્ય તપાસી યોગ્ય પ્રતિભાવ આપતા હોય | શિક્ષકો વિદ્યાર્થીઓને પૂછપરછ વિસ્તાર, શોધ, પ્રયોગશીલતા, જોડાણ યુક્ત શિક્ષણના માધ્યમથી સાવશિક્ષણ માટે તક પૂરી પાડતા હોય, દરેક વિદ્યાર્થી પ્રક્રીયામાં ભાગીદાર થાય તેની તકેદારી રાખતા હોય, જરૂરીયાત મુજબ વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ શૈક્ષણિક સાધનો મેળવતા હોય |
| **Class Management** | શિક્ષક વિદ્યાર્થીઓને હારમાં બ્લેક બોર્ડસામે બેસાડી દેતા  હોય છે , ચોક્કસ જગ્યાએથી જ વર્ગને સૂચન કરતાં હોય, વિદ્યાર્થીઓ નિષ્ક્રિયરહી સાભાળતા હોય, વર્ગમાં શાંતિ દ્વારા શિસ્તનું ધ્યાન રાખતા હોય | શિક્ષકો વિવિધ પ્રવૃતિઓના આયોજનથી વર્ગ સંચાલન કરતાં હોય જેમાં CWSN નનું ધ્યાન રાખતા હોય વિદ્યાર્થીની નિયમિતતાની કાળજી લેતા હોય શિક્ષક દ્વારા ઘડવામાં આવેલા નિયમોનું પાલન વર્ગખંડના વિદ્યાર્થીઓ કરતાં હોય | શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે મળી વર્ગ સંચાલનના નિયમો નક્કી કરતાં હોય બેઠક વ્યવસ્થા પરિવર્તનશીલ હોય  અને પ્રવૃત્તિ માટે અનૂકુળ હોય વિદ્યાર્થીઓમાં સ્વયંશિસ્ત હોય અને બનાવેલા નિયમોનું ચુસ્તતાપૂર્વક પાલન કરતાં હોય |

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| Learners' Assessment | શિક્ષકો લાગુ કરવામાં આવેલા નીતિ કે નિયમ ના ભાગરૂપે પરીક્ષણ કાર્ય કરતાં હોય. મહદંશે વિદ્યાર્થીઓનું માહિતીલક્ષી જ્ઞાન અને ગોખેલું ચકાસવા માટે પાઠ્યપુસ્તક અને વિષયમાથી મેળવેલ જ્ઞાન ને ચકાસાતું હોય, વિદ્યાર્થીના દેખાવની માહિતી ફક્ત રિપોર્ટ કાર્ડના માધ્યમથી જ મળતી હોય | શિક્ષકો અભ્યાસક્રમ અને તદઉપરાંત કલા, આરોગ્ય, શારિરીક શિક્ષણ જેવા વિષયો ચકાસવા માટે વિવિધ પ્રવૃતિઓ કરતાં હોય સુધારાને અવકાશ હોય તેવી બાબતોને રિપોર્ટ કાર્ડમાં ભાર મૂકાતો હોય અને બાળકના વિકાસ અને પ્રગતિ  બાબતે વાલી સાથે સાતત સંપર્કમાં રહેતા હોય | શિક્ષકો પરીક્ષણ પધ્ધતીને શિક્ષણ કાર્યનું અગત્યનું અંગ ગણાવતા હોય, ભૂતકાળ અને વર્તમાન પ્રગતિને સાથે રાખીને મૂલ્યાંકન થતું હોય. સતત પરીક્ષણ અને વિકાસ માટે સતત સૂચન – અભ્યાસક્રમના મુદ્દાઓ – સામાજીક, વ્યક્તિગત પાસાઓ, મૂલ્યોનું માપન અને તેમાં સુધારો કરવામાં મળેલ સૂચનનો ઉપયોગ કરાતો હોય |
| Utilization of Teaching-learning Resources | મોટા  ભાગે શિક્ષકો પાઠ્યપુસ્તકનો વર્ગખંડમાં ઉપયોગ કરે છે અને બીજા શૈક્ષણીક સાધનોનો નહિવત ઉપયોગ કરે છે અથવા બિલકુલ કરતાં નથી | શિક્ષકો પાઠ્યપુસ્તક ઉપરાંત સંદર્ભ સાહિત્ય, ચાર્ટ, નકશા, મોડેલ્સ,Digital Kit, સ્થાનિક સંસાધનો, વૈજ્ઞાનિક અને ગાણિતીક ભાષાની Kit, પ્રયોગશાળા અને શાળામાં ઉપલબ્ધ તમામ સંસાધનો નો ઉપયોગ જરૂરીયાત મુજબ કરે છે | શિક્ષકો વર્ગખંડમાં શૈક્ષણીક સાધનોને શિક્ષણકાર્ય વખતે વાણી લે છે સામાજીક સંસાધનો,ICT, સંદર્ભ સાહિત્ય પ્રયોગશાળા, પુસ્તકાલય વગેરેનો યોગ્ય રીતે પાઠ સાથે સમન્વય  કરે છે. શાળા અન્ય શાળાઓ સાથે આ સાથે આ સંસાધનો ની આપ-લે કરે છે |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **Teachers' Reflection on their own Teaching-learning Practice** | શિક્ષકો પ્રસંગોપ્રાંત વિદ્યાર્થીની પ્રગતિ અને શૈક્ષણીક પ્રક્રીયાને પ્રતિબિંબિંત કરે છે | શિક્ષકો નિયમિત રીતે શૈક્ષણીક પ્રક્રીયાને અમલમાં મૂકે છે અને નોંધ રાખે છે. આયોજનની પુન: સમીક્ષા કરી શૈક્ષણીક પ્રક્રીયામાં સુધારો કરવા સતત પ્રયત્ન કરે છે. | શિક્ષકો શૈક્ષણિક પ્રક્રીયાના પરિણામોને ધ્યાન રાખીને વ્યક્તિગત રીતે આયોજન કરે છે, ખામીઓને શોધે છે, તેના આધારે સુધારા કરે છે અને પરિણામોના આધારે વૈકલ્પિક અનુભવો નો ઉપયોગ કરે છે |

RMSA

**Key Domain 3**

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | **Level -1** | **Level -2** | **Level -3** |
| **Learners' Attendance** | શિક્ષકો બાળકોની નિયમિત હાજરી લે છે.સતત ગેરહાજર રહતા અને અનિયમિત બાળકોની નોંધ કરે છે. ક્યારેક સતત ગેરહાજર રહેતા બાળકોના વાલીને જાણ કરે છે. | શાળા નિયમિત રીતે બાળકોની હાજરીની માહિતી અંગે વાલીને જાણ કરે છે. સતત ગેરહાજરીના કારણો-સંજોગોની તપાસ કરી વાલી સાથે ચર્ચા કરી, ગેરહાજરીના કારણો, અભ્યાસ પર થતી અસરો અંગે ચર્ચા કરે છે. જરૂરીયાત મુજબ વાલીની મુલાકાત લે છે. | શાળા સાતત ગેરહાજર બાળકોનું વિશ્લેષણ કરી ચોકકસા સમયગાળો નિશ્ચિત કરે છે. વાળી મંડળ અને વાલીઓની સાથે મળીને બાળકોને નિયમિતતા અંગે વાલીઓને જાગૃત કરે છે અને આ બાબતે નિયમિત રીતે વાલીઓ સાથે સંપર્કમાં રહે છે |
| **Learners' Participation and Engagement** | વર્ગખંડમાં એકધ્રુવી પ્રક્રીયા થાય અથવા માત્ર અમૂક જ બાળકો શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિમાં ભાગ લે છે | થોડાક બાળકો વર્ગખંડની ચર્ચામાં ભાગ લે છે શાળા વિવિધ પ્રકારની સહ-અભ્યાસ અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનું આયોજન કરે છે. શિક્ષકો બાળકોને ભાગ લેવા પ્રોત્સાહીત કરે છે અને ઘણા બધા બાળકો ભાગ લે છે. | તમામ વિદ્યાર્થીઓ વર્ગખંડ વ્યવહારમાં સક્રિય થાય છે. શિક્ષકો અને શાળા વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ પ્રતિભાઓ શોધી તેમને પૂરતી તક અને તાલીમ આપે છે. તમામ બાળકો રસપૂર્વક શાળામાં કાર્યક્રમો અને પ્રવૃતિઓમા ભાગ લે. |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **Learners' Progress** | શાળા વિદ્યાર્થીઓની પ્રગતિ ના અહેવાલો જેવાકે પ્રગતિકાર્ડ, પરિણામ વગેરેની જાળવણી કરે છે | શાળા પ્રત્યેક વિદ્યાર્થીની પ્રગતિ નું સતત માપન કરે છે અને સહ અભ્યાસિક પ્રવૃતિઓનો તુલનાત્મક Database તૈયાર કરે છે | શાળા વિદ્યાર્થીઓના તમામ વિષયો અને સહ અભ્યાસ ક્ષેત્રોમાં થતાં વિકાસનું સતત મૂલયાકન કરે છે. તમમા ક્ષેત્રોમાં થયેલ ફેરફારનું મૂલયાકન કરે છે તેના આધારે Database તૈયાર કરી ખામીના ક્ષેત્રો શોધીને તેમાં સુધારો થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરીને તેને રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાના વિદ્યાર્થીની બરાબરી કરી શકે તેવા પ્રયત્નો કરે છે. |
| **Learners' Personal and Social Devlopement** | શાળા બાળકોમાં વ્યક્તિગત અને સામાજીક વિકસા અંગેના મૂલ્યો જેવાકે રાષ્ટ્રભાવના, સહિષ્ણુતા, બિન સાંપ્રદાયિક વલણ, ભાઈચારો, વગેરે શોધી પ્રાર્થનાસભા અને રાષ્ટ્રીય પર્વોની ઉજવણી વખતે તેને લગતી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરે છે. | શિક્ષકો બાળકોમાં સામાજીક અને ભાઇચારાની ભાવના વિકસે તે માટે સામોહીક પ્રવૃતિઓ કરે છે, સમાજ અને વાલીઓ સાથે આ અંગે મીટીંગ કરી વિદ્યાર્થીના સામાજીક અને વ્યક્તિગત વિકાસ માટે જરૂરીયાતોની ચર્ચા કરે છે. | શાળા વિદ્યાર્થીના ચિંતનાત્મક વિચારો, સમસ્યા નિવારણ, નિર્ણય શક્તિ,સંવાદ, વ્યક્તિગત આંતરીક કૌશલ્યો, જેવી બાબતોના વિકાસ માટે રોજબરોજના વર્ગ વ્યવહારના કૌશલ્યમાં ઉપયોગ કરે છે. શિક્ષક ઉપરના હેતુની પૂર્તિ માટે વિવિધ સંસાધનો જેવા કે વાર્તા કથન, ઓડીયો વીડીયો ક્લીપ્સ, વગેરેનો ઉપયોગ કરે છે વિદ્યાર્થીના વ્યવહાર અંગે શિક્ષક વાલી સાથે ચર્ચા કરી વિદ્યાર્થીના વ્યક્તિગત અને સામાજીક વિકાસ અંગે શાળા અને ઘર બન્નેની ભૂમિકાની ચર્ચા કરે છે |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| Learners' Attainment | નહિવત બાળકોના અભ્યાસને લગતા ક્ષેત્રો (જ્ઞાન અને કૌશલ્યો) ના આધારે માપન થાય છે. વર્ષના અંતે તમામ અભ્યાસકીય ક્ષેત્રોમાં ગ્રેડના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન થાય છે | થોડાક બાળકો અભ્યાસના બધાજ ક્ષેત્રોમાં સફળ થાય છે, જ્યારે મોટા ભાગના બાળકો અપેક્ષા કરતાં નીચા સ્તર પર રહે છે, શાળા આવા બાળકોના સ્તરને સુધારવા માટે ચિંતનાત્મક શિક્ષણનું આયોજન કરી સ્તર ઉંચુ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. | મોટા ભાગના બાળકો અપેક્ષિત અથવા વધુ પરિણામ મેળવે છે. શાળા આ પરિણામના સાતત્ય માટે વિવિધ પકારનું આયોજન કરે છે. |

RMSA

## Key Domain 4

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **Orientation of New Teacher** | શાળા નવા શિક્ષકને પોતાની રીતે શાળાની સુવિધાઓ અને સંસાધનોનો ઉપયોગ કારવાની બાબત, પધ્ધતિ અંગે ટકોર માર્ગદર્શન આપતી નથી | શાળા પધ્ધતિસર હાજરીનો રેકોર્ડ (શિક્ષકના સંદર્ભમાં) નિભાવે છે. જાણ કર્યા વિના ગેરહાજર રહેતા શિક્ષકો સામે જરૂરી પગલાં લે છે અને કોઈ શિક્ષક વિના વર્ગખંડ ખાલી ન રહે તે બાબતે કાળજી રાખે છે. | શાળા સામે ટૂંકી- લાંબી રાજા પર જનાર કે રજા વિના .ગેરહાજર રહેનાર શિક્ષકો સાથેના વ્યવહારની ચોક્કસ પધ્ધતિ છે. શાળામાં ગેરહાજર રહેનાર શિક્ષકની જગ્યાએ કામ કરનારની સુવિધા અને વિકલ્પો ઉપલબ્ધ છે. શાળા શિક્ષકોની નિયમિતતા અને સૂટેવોની અંગે જાગૃત છે. |
| Teacher Attendance | શાળા શિક્ષકની હાજરી તથા ગેરહાજરીના કારણ સહિતનો રેકોર્ડ નિભાવે છે, સામાન્ય રીતે ગેરહાજર શિક્ષકનો વર્ગ સંભાળવા માટે યોગ્ય વ્યવસ્થા ન હોય. | શાળા પધ્ધતિસર રીતે હાજરી ગેરહાજરીનો રેકોર્ડ નિભાવે છે જાણ કર્યા વિના ગેરહાજર રહનાર સામે જરૂર હોયતો પગલાં લેવાય છે.કોઈ વર્ગ ખાલી ન રહે તે અંગે ધ્યાન રખાય છે. | શાળા પાસે ટૂકી કે લાંબી રાજા પર રહનાર અને જાણ કર્યા વગર ગેરહાજર રહનાર કર્મચારીઓ સાથે સંદેશા વ્યવહારની યોગ્ય પધ્ધતિ છે. શાળામાં અને શાળાની બહારથી શિક્ષકોની સંખ્યા વૈકલ્પિક રીતે ગોઠવવામાં આવે છે, શાળા દ્વારા શિક્ષકોને નિયમિતતા અને જવાબદારી અંગે સમજ કેળવવામાં આવે છે. |

RMSA

| Core Standard | Descriptor | | |
| --- | --- | --- | --- |
| | Level -1 | Level -2 | Level -3 |
| Assigning Responsibilities and Defining Performance Goals | શાળા શિક્ષકોને અગાઉથી નિશ્ચિત કરેલું સમયપત્રક આપે છે અને શિક્ષકો પાસે નિશ્ચિત અભ્યાસક્રમ અને અન્ય ફરજો સમયસર પૂરી કરાવવાની અપેક્ષા કરે છે. | શાળાના વડા શિક્ષકોને તેઓની જવાબદારી અને લક્ષ્ય બાબતે સૂચના આપે છે. સ્ટાફ મીટીંગ કરે છે અભ્યાસક્રમ અને લક્ષ્યોની પ્રાપ્તિ અંગે સમીક્ષા કરે છે અને કાર્યો પૂર્ણ કરવા માટે જવાબદારી સુનિશ્ચિત કરે છે. | શાળા દરેક શિક્ષકને પોતાની જવાબદારી સુનિશ્ચિત કરી આપે છે શિક્ષકોને પોતાના લક્ષ્ય નક્કી કરવા દેવામાં આવે છે તે માટે પ્રોત્સાહીત કરાવે છે. નવા વિચારો અને પ્રયોગો દ્વારા એને લક્ષ્ય સિદ્ધિ માટે પ્રેરીત કરે છે અને શિક્ષક પોતેજ પોતાના વિકાસનું નિરીક્ષણ કરે છે. |
| Teachers' Preparedness for Changing Curricular Expectation | શાળાના પાઠયક્રમમાં નિતિનિર્ધારણના કારણે થતાં ફેરફારો બાબતે શિક્ષકો સભાન છે. | નવા બદલાયેલા અભ્યાસક્રમોની જરૂરીયાતોને સમજવા શિક્ષકો પ્રયત્નો કરે છે | શાળા બદલાયેલા અભ્યાસક્રમની શિક્ષણ કાર્ય પર થતી અસરો અને તેમાં આવશ્યક ફેરફારો અંગે ચર્ચા કરવા માટે પૂરતી સુવિધા પૂરી પાડે છે. |
| Monitoring of Teachers' Performance | ફરજીયાત નિરીક્ષણ રેપોર્ટના આધારે શિક્ષકના પ્રદર્શનની શાળાના વડા દ્વારા નોંધ લેવાય છે, શિક્ષકની હાજરી અને તેમના શિક્ષણકાર્ય ક્યારેક નિરીક્ષણ કરવામાં આવે છે. | શાળાના વડા દ્વારા શિક્ષકોની કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે અને જરૂર પડ્યે માર્ગદર્શન આપાવામાં આવે છે, શિક્ષકો પોતાના શિક્ષણકાર્યમાં સમીક્ષા કરી ફેરફારને પાત્ર હોય તેવા ક્ષેત્રોમાં સુધારા કરે છે. | શાળાના વડા વિદ્યાર્થીઓના વિકાસના આધારે શિક્ષકોની કામગીરીની સમીક્ષા કરે છે નિયમીત રીતે શિક્ષકો સાથે ચર્ચા કરે છે તેમના વાલીઓ સાથે મીટીંગ કરી સમીક્ષા કરે છે અને તેમની સાથે મળી સુધારા અંગે નીતિ તૈયાર કરે છે. |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **Teachers' Professional Development** | શાળાના તમામ શિક્ષકોને ફરજીયાત પણે સેવા કાલીન તાલીમ કાર્યક્રમો માટે આચાર્ય ખાતરી કરે છે | પોતાની વ્યવસાયિક જરૂરીયાત માટે આવશ્યક હોય તેવા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે શાળા શિક્ષકોને પ્રોત્સાહીત કરી તકો પૂરી પાડે છે. અન્ય સંસ્થાઓ કે તજજ્ઞોની મદદથી શિક્ષકોને અનુભવતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવામાં આવે છે. | શિક્ષકોની સતત સુસજ્જતા માટે શાળા જોગવાઈ કે વ્યકસ્થા કરે છે. પોતાના સંશોધનાત્મક વિચારો અમલમાં મૂકવા શિક્ષકોને પ્રોત્સાહીત કરે છે. તાલીમમાં મળેલ વિષય-વસ્તુને અસરકારક બનાવવા ચર્ચા કરે છે. તેમજ પ્રાપ્ત કરેલા જ્ઞાનને રોજિંદા શિક્ષણકાર્યમાં અમલીકરણ કરે છે. |

RMSA

**Key Domain 5**

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **Building Vision and Setting Direction** | શાળાના વડા શાળાના વિકાસનું આયોજન બનાવે છે. શાળાના અન્ય અંગોને સામેલ કરાતા નથી. | શાળાના વડા શાળાના વિકાસનું Vision અને mission Statement (ધ્યેય) નક્કી કરે છે. જેમાં શિક્ષકો શાળાના વિકાસ આયોજન (SDP)માં ભાગીદાર છે SDP ના અમલીકરણ માટે કાર્યો/પ્રવૃતિઓની પ્રાથમિકતા નક્કી કરાય છે, મોટા ભાગના શિક્ષકોને જવાબદારે અપાય છે, અને શાળાના વડા અમલીકરણ કરવા માટે દિશા સૂચન માટે પૂરા પાડે છે. | શાળાના વડા શાળાના દરેક અંગોને Vision- mission માં સામેલ કરે છે વર્તમાન દિશા નીતિ કાર્યક્રમો અંગે વિચારાય છે SDP નું આયોજન શાળાના દરેક અંગો દ્વારા થાય છે. યોગ્ય કાર્યો માટે પ્રાથમિકતા નક્કી થાય છે.ઇચ્છિત  પ્રગતિ માટે શિક્ષક પોતાની ભૂમિકા-જવાબદારી સમજે છે અને તેમાજ કાર્ય કરે છે સમયાંતરે પુન:વિચારણા, અવલોકન નિયમિત રીતે થાય છે . |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **Leading Change And Improvement** | શાળા વડા ધ્યાનકર્ષક ક્ષેત્રો માટે સતત જાગૃત હોયછે, ઓફીસની કામગીરીને અનુરૂપ તત્કાલીક જરૂરીયાત માટે પ્રતિભાવ આપે છે, જરૂરી પરિવર્તન વિષે ભાગ્યે જ ચર્ચા થાય છે  કે પ્રતિબિંબિત થાય છે | શાળા વડા શિક્ષકોને સાથે રાખીને શાળાની ક્ષમતા અને સુધારાજન્ય ક્ષેત્રો શોધે છે અને જરૂરી ફેરફારો પ્રતિબિંબિત કરી શોધી કાઢે છે અને યોગ્ય રીતે કાર્ય કરે છે તાર્કીક રીતે પ્રગતિનું પરીક્ષણ કરે છે,કાર્યોને વધુ સારી રીતે (શુધ્ધીકરણ) જ્યાં જરૂરી લાગે ત્યાં કરે છે. શૈક્ષણિક પ્રક્રિયા અને શાળાના અન્ય કાર્યોમાં પરીવર્તન પ્રતિબિંબિત કરે છે. | શાળા વડા શાળામાં જરૂરી પરિવર્તનો વિશે શાળાના અંગો સાથે ચર્ચા કરે છે અને તે અંગે તેમનો વિચાર મૂકે છે ધ્યેયને ઓળખી સંભાવિત કાર્ય પધ્ધતી પુરાવાઓનું વિશ્લેષણ અને શાળાના અન્ય અંગો તરફથી મળેલ વિચારો સ્ત્રોતના આધારે અપનાવે છે. શાળાના વડા આ માટે ફેરફારોનું નેતૃત્વ કરે છે અને દેખરેખ રાખે છે. વડપણ-જવાબદારીઓ-નેતૃત્વની વહેચણી કરે છે, પુરાવા આધારીત સુધારા-પ્રગતિ માટે શાળાના શિક્ષકોને વ્યસ્ત  રાખે છે, પ્રોત્સાહીત કરે છે. |
| Leading Teaching Learning | શાળાના વડા ખાતરી કરે છે ધ્યાન રાખે છે કે વર્ગો નિયમિત લેવાય, ક્ષિક્ષકની ગેરહાજરીમાં તેની વૈકલ્પિક વ્યવસ્થા થાય, અસરકારક વર્ગખંડ શિક્ષણકાર્ય થાય અને શાળાના વડા વિવિધ વર્ગોના વિવિધ વિષયોમાં તેમના દેખાવ અંગે જાગૃત હોય | શાળાના વડા નિયમિતા રીતે જુદા જુદા વર્ગમાં શૈક્ષણિક પ્રક્રીયાનું અવલોકન કરે છે અને મૌખીક અને લેખીત વ્યક્તિગત પ્રતિભાવ આપે છે વિવિધ વર્ગ-વિષયના વિદ્યાર્થીના દેખાવનું વિશ્લેષણ કરે છે અને ઉપરોકત બાબતોની વિષય શિક્ષક સાથે ચર્ચા કરે છે | શાળાના વડા શિક્ષકો સાથે મળીને વર્તમાન શૈક્ષણીક પ્રક્રીયાનું વિદ્યાર્થીઓની પ્રગતિ, જોડાણ વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણના આગવા વિચારો જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓના દેખાવ અંગે માતા પિતા-વાલી સાથે ચર્ચા કરે છે. |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| Leading Management of School | શાળાના વડા શાળાની દૈનિક પ્રવૃત્તિઓ અને શાળાના અંગો (સ્ટાફ , ભૌતિક સુવિધાઓ આર્થિકબાબતો) ઓછા લોકો વચ્ચે જવાબદારીઓ વહેચે છે, ઉપરી તરફથી મળતા સૂચનો-વિચારોની આપ-લે કરે છે | શાળાના વડા અને સ્ટાફ દૈનિક પ્રવુતીઓ સાથે મળી પૂર્ણ કરે છે (સ્ટાફ , ભૌતિક સુવિધાઓ આર્થીક બાબતો) નિર્ણય લેવાની પ્રક્રીયામાં સ્ટાફને સામેલ કરે છે, ઝીણવટ-પૂર્વક દરેક વિગતો ની ચર્ચા કરે છે અને સ્ટાફને સ્પષ્ટ દિશા પૂરી પાડે છે અને તેમાં અસરકારક અમલીકરણ માટે નેતૃત્વ પૂરું પાડે છે. | શાળાના વડા અને સ્ટાફ દ્વારા નક્કી કરાયેલું Vision અને Plan અંગે માતા-પિતા-વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરે છે નિપૂણતાના આધારે શાળાના સ્ટાફ સાથે જવાબદારી વહેચે છે વિવિધ પગલાં લે છે, મદદ કરે છે, દેખરેખ રાખે છે અને પ્રગતિનુ મૂલ્યાંકન બધાને સાથે રાખીને કરે છે. |

RMSA

## Key Domain 6

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **Inclusive Culture** | શાળા જાતિ, લિંગ, ભાષા, આર્થિક સ્થિતિ, અપંગતા વગેરેના કારણે પ્રવેશ વિના ન રહે તેની તકેદારી રાખે છે, વિવિધ પૃષ્ઠભૂમિના માતા-પિતાને, પોતાના બાળકોને શાળાએ નિયમિત મોકલવા જણાવે છે | શિક્ષક વિદ્યાર્થીઓ, માતા-પિતા અન્ય સ્ટાફ સાથે જાતિ, લિંગ, સામાજીક , આર્થીક, પૃષ્ઠભૂમિ સાથે, વર્ગખંડમાં, પ્રવૃતીઓમાં, બેઠક વ્યવસ્થામાં, વિદ્યાર્થીઓના શિક્ષણ ખાસ ધ્યાન આપે છે, અને શોષિત પછાત વર્ગના બાળકો પર સમાનતા માટે ખાસ ધ્યાન આપે છે, | શાળા દરેક વિદ્યાર્થીની જરૂરીયાત સામે હકારત્મક પ્રતીભાવ આપે છે . દરેક વિવિધતા પૂર્ણ બાળકને (કોને શારીરિક, સાંવેગીક, અને શિખાવી ઝડપમાં ક્ષમતામાં,) ભાગીદાર, ગણશે. વાલી માતા,પિતાને,SMC/SDMG મિટિંગમાં અને અને શાળા મિટિંગમાં, ભાગીદાર બનાવે છે |
| Inclusive of Children With Special Needs (CWSN) | શિક્ષકો જોઈ શકાય તેવી અપંગતા માટે જાગૃત છેશાળા તેનો રેકોર્ડ રાખે છે, તેમને મળતા ફંડ સંસાધન વગેરેથી મળતી મદદ વધુ કરવાનો પ્રયત્ન કરે છે | શાળા અપંગ વ્યક્તિ અંગે જાગૃત છે અને તજજ્ઞ મારફતે મદદ કરે છે, ખાસ સાધનો વડે શિક્ષક દ્વારા મદદ કરવામાં આવે છે અને વિષય વસ્તુમાં મામૂલી બદલાવ ના માધ્યમથી CWSN વિદ્યાર્થીઓની જરૂરીયાત મુજબ અભ્યાસક્રમ ને અનુસરવામાં આવે છે, આ પ્રક્રિયામાં શીખવાની યોગ્ય પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે, યોગ્ય પરિક્ષણ પધ્ધતિનો ઉપયોગ થાય છે અને CWSN વિદ્યાર્થીઓના વાલીઓની સંમતિથી નિશ્ચિત થયેલ ધ્યેય મુજબ શિક્ષણ ની પ્રક્રિયા થાય છે, | શાળા NGO ની મદદ CWSN ની મદદ માટે લે છે, તેનું ધાય રાખે છે અને દસ્તાવેજ નિભાવે છે, (તેની પ્રગતિ અંગે) વર્ગખંડની રોજીંદી પ્રક્રીયાંમાં CWSN ને સામેલ કરાય છે, શિક્ષકની ક્ષમતાએ તાલીમના માધ્યમથી વિકસાવાય છે, ક્ષિક્ષકો ખાસ જરૂરીયાતવાળા વ્યક્તિઓની વાર્તા પૂરી પાડે છે, કહે છે. |

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| Physical Safety | શાળાસલામતી અંગેના વર્તમાન કાયદાઓ, નિયમોથી જાણકાર થાય છે, જેમાં રોડ પર સલામતી, શાળાનું મકાન અંગે વર્તમાન મકાનની સલામતીની ખાતરી કરે છે, વધારાના બાધકામ અંગે સલામતીની ખાસ તકેદારી રાખે છે, દા.ત સલામતીના સાધનોની યાદી પ્રસિધ્ધ કરે છે, દર્શાવે છે,Emergency Exits, અંગે ખાસ, જરૂરીયાતવાળા Contact નંબર, પ્રાથમીક સારવારની કીટ, અગ્નીશામક વગેરે હાથ વગા રાખે છે , યાદી મૂકે છે. | શાળા રસોડાના અને પ્રયોગશાળાના જોખમી પ્રદાર્થોનું રાખવાના સલામત સ્થાન અંગે, ખાતરી કરે છે,Safety drillsનું આયોજન કરે છે, સ્થાનિક સંસ્થાઓ સાથે આકસ્મિક પરિસ્થિતિને પહોચી વળવા જોડાણ કરે છે શાળાના મકાનની/ વિદ્યાર્થીઓની જીવજંતુ રખડતા કૂતરાઓ વગેરેથી રક્ષણ માટે જરૂરી પ્રવૃતિ કરે છે. અકસ્માત સંભવિત જગ્યાઓને ઓળખ કરી ત્યાં સંબધિત સંસ્થા દ્વારા Sign board લગાવાય તેની ખાતરી કરે છે. | કુદરતી આક્સ્મિક આફત વખતે શાળા મકાનમાં શાળામાના દરેક માટે સલામતીની Exercise  થાય છે, તેનું આયોજન, વાતચીત અને તંત્રની વ્યવસ્થા કરવામાં આવે છે, આયોજનની અવાર નવાર સમીક્ષા  કરવામાં આવે સલામતી અંગે તાલીમ સેમીનાર નું આયોજન કરવામાં આવે છે વિદ્યાર્થીઓને આ અંગે જાગૃત કરાય છે,વિદ્યાર્થીઓને સલામતી- પૂર્વ તૈયારી આપત્તિ વ્યવસ્થાપન અંગે શિક્ષણ કાર્ય સાથે જ માહિતગાર કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને વાહનથી જ્યાં આવવાનું સલામત છે તેની તકેદારી રખાય છે. ટ્રાફીકના નિયમોના પાલનમાં વિદ્યાર્થીઓની ભાગીદારી અંગે જાગૃત કરવાંમાં આવે છે |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| Psychological Safety | બાળ સુરક્ષા નીતિ બાબતે સંસ્થા જાગૃત છે શારિરીક શિક્ષા કે શબ્દો દ્વારા સજા આપવામાં નથી આવતી | શારિરીક/ જાતીય સતામણી બાબતે શિક્ષકોને તાલીમ આપવામાં આવેલ છે. શાળા આ બાબતે બાળકોને જાગૃત કરે છે. બાળકોને પોતાની સુરક્ષા બાબતે રાખવાની કાળજી અંગે સાતત જાગૃત કરે છે. બાળકોને શિક્ષણ કે શીખવાની પ્રક્રીયા દરમિયાન આવી ઘટનાઓનો સામનો કરવો પડતો નથી. આવી ઘટના ઉદભવે તે સમયે બાળકને રજૂઆત કે ફરીયાદ કરવા માટે અને તેની કાર્યવાહી કરવા માટેની વ્યવસ્થા છે આ બાબતે બાળકોને અને વાલીઓને જાણ કરી જાગૃત કરવામાં આવે છે. | ચર્ચા અને શૂચનો દ્વારા બાળકોને શારિરીક સલામતીની ખાતરી આપે છે તે બાબતે સતત જાગૃતિ કેળવે છે. નિયમિત રીતે વ્યક્તિગત કાઉન્સેલીંગ કરવામાં આવે છે. સુરક્ષા ધોરણો અને તેના અમલીકરણની સતત ચકાસણી કરવામાં આવે છે શાળામાં અભ્યાસક્રમનું ભારણ, ચિંતા, ભય,કે અન્ય કુશંકાઓથી બાળક મુક્ત રહે તે બાબતે બાળકો-વાલીઓ સાથે સતત અને નિયમિત ચર્ચાઓ થાય છે. બાળકોમાં સુરક્ષા ભાવના જાગૃત થાય અને ભયમુક્ત વાતાવરણ પેદા થાય તે બાબતે સતત પ્રયત્નો કાઉન્સેલીંગ કાર્યક્રમો યોજવામાં આવે છે. |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| Health and Hygiene | શાળા પોતાના સંકૂલમાં આવેલ બાબતોની સ્વછતા અંગે ક્યારેક ચકાસણી કરે છે બાળકોના વ્યક્તિગત આરોગ્યની ક્યારેક ચકાસણી થાય છે શાળામાં કચરાપેટી મૂકવામાં આવે છે બાળકની ઊંચાઈ અને વજનની માપણી કરી નોધ રખાય છે. | શાળા પાસે સ્વચ્છતા આરોગ્ય અને સ્વાસ્થ્ય બાબતે આગવી નીતિ છે. ઉપલબ્ધ આરોગ્ય વિષયક સુવિધાઓ ની નિયમિત ચકાસણી અને કાળજી રખાય છે. બાળકોની નિયમિત ચકાસણી દ્વારા તેઓની આરોગ્ય વિષયક વિષયક જાગૃતિ કેળવાય છે. સ્વચ્છતા અંગે જાગૃતિ કાર્યક્રમો અને અભિયાનો નિયમિત યોજાય છે. બાળકોના શારિરીક વિકાસ અંગે વિકાસ આલેખ બનાવાય છે. પ્રાથમિક આરોગ્ય, દાંત, નખ, વાળ, આંખ વગેરેની નિયમિત તપાસ થાય છે. | શાળા અને વાલી મંડળ સંયુક્ત રીતે સ્વચ્છતા અને આરોગ્ય વિષયક સુવિધાઓનો મોનીટરીંગ કરે છે, બાળકોના વ્યક્તિગત સ્વાસ્થય બાબતે શાળા જાગૃતિ કાર્યક્રમો/સેમિનાર વાલીઓ અને બાળકોને સંયુક્ત રીતે જોડીને કહે છે બાળકોની આરોગ્ય વિષયક ખામીઓ કે બીમારીઓની નિયમિત રીતે નોંધ કરવામાં આવે છે બાળકની કોઈ ખામી કે બીમારી ધ્યાને આવે છે તો વાળે સાથે ચર્ચા કરી તેની સારવાર અંગે વ્યવસ્થા કરવામાં આવે છે ગંભીર બીમારીઓ થી પીડિત બાળકો માટે સારવારની વ્યવસ્થા વાલી સાથે ચર્ચા કરીને કરે છે અને તે બાબતે મદદરૂપ થાય છે. |

## Key Domain 7

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **Organization and Management of SMC/ SDMC** | અગાઉ એજન્ડા નક્કી કર્યા વગર મિટિંગ થાય છે મિટિંગમાં ખૂબ જ ઓછા કે નહિવત વાલીઓ હાજર રહે છે. સુવિધાઓ અને નાણાકીય બાબાતોનો નિર્ણય વાલી મંડળ લે છે. | મિટિંગ  મિનિટ્સ મુજબ અને અગાઉથી નિયત કરેલા એજન્ડા મુજબ થાય છે. મોટા ભાગના સભ્યો મિટિંગમાં હાજર રહે છે. નાણાકીય અને ભૌતિક સુવિધાઓ ઉપરાંત અન્ય મુદ્દાઓની વાલી મિટિંગમાં ચર્ચા થાય છે. | વાળી મંડળની મિટિંગ નિયમિત ઉપરાંત જ્યારે જ્યારે આવશ્યકતા ઊભી થાય ત્યારે ત્યારે થાય છે શાળા સંચાલનની મુશ્કેલીઓને શોધવામાં અને અને તેના ઉકેલ અંગે ચર્ચા થાય છે ચર્ચા દરમિયાન લેવાયેલ નિર્ણયો અને તેના અમલીકરણ બાબતો વાલીમંડળ/સંચાલક મંડળ સતત મોનીટરીંગ કરે છે |
| **Role in School improvement** | વાલીમંડળ/સંચાલક મંડળ RTE Act 2001 ઉપરાંત SSA/RMSA અંતર્ગત શિક્ષણના સંદર્ભે થયેલ જોગવાઈઓ બાબતે જાણકારી ધરાવે છે. શાળા વિકાસ આયોજનની જાણકારી વાલીમંડળ/ સંચાલક મંડળને આપવામાં આવે છે | વાલીમંડળ/સંચાલક મંડળ RTE Act 2001 અને SSA/RMSA અંતર્ગત જોગવાઇઓના પાલન અને અમલીકરણ કરવામાં મદદરૂપ થાય છે. આ અમલીકરણને અસરકારક બનાવવા વિવિધ પ્રવૃતિઓ અને કાર્યક્રમો સૂચવે છે. શાળા વિકાસ અને સમાજને જાણકારી આપે છે અને જાગૃત કરે છે. | SMC/SDMC શાળાની મુલાકાત પ્રકરીયામાં ભાગ લે છે. શાળાની જરૂરીયાતોને શોધીને તેને પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે. શિક્ષકો અને વાલીઓ સંયુક્ત રીતે આયોજન તૈયાર કરે છે અને સંપૂર્ણ વિકાસ માટે તેનું અમલીકરણ કરે છે. |

RMSA

| Core Standard | Descriptor | | |
|---|---|---|---|
| | Level -1 | Level -2 | Level -3 |
| **School- Community Linkages** | વાલીઓ અને સામાજીક અગ્રણીઓને શાળાના વિવિધ કાર્યક્રમોમાં આમંત્રીત કરવામાં આવે છે. શાળા વાલીઓ- અગ્રણીઓને શાળાની સુવિધાઓ વિશે માહિતગાર કરે છે. શાળાની સમસ્યાઓ પણ જણાવે છે. | શાળા સમાજ સાથે સતત સંપર્કમાં રહે છે. સામાજીક અને આર્થિક પાસાઓ વિશે ચર્ચા કરે છે. વિદ્યાર્થીઓની નામાંકન તથા હાજરી અંગે ચર્ચા કરે છે. SMC શાળાની સુવિધાઓ અંગે સંસાધનો પૂરા પાડે છેશાળા અને SMC સંયુક્ત પણે શાળામાં તથા જાહેરમાં કાર્યક્રમોનું આયોજન કરે છે. | શાળા અને કમિટી સંયુક્ત પણે શાળાને જરૂરીયાતોને પૂર્ણ કરવામાં કાર્ય કરે છે. ઉપલબ્ધ સંસાધનોને શોધી તેનો શાળા વિકાસમાં ઉપયોગ કરે છે. સંસાધનો પ્રાપ્ત કરવા માટે શાળા અને કમિટી સંયુક્ત રીતે NGO, જાહેર ક્ષેત્રો, ખાનગી ક્ષેત્રો, વગેરેની મદદ લે છે. |
| **Community as Learning Resource** | શાળા શાળાની નજીકમાં આવેલા સ્થળો, વિસ્તારોની મુલાકાત લેવા અંગેની બાબતમાં સમાજ/વાલીઓનો સહકાર પ્રાપ્ત કરે છે. | શાળા જે તે સમાજની સંસ્કૃતિ, લોકકથાઓ અને પરંપરાગત બાબતો (લોકગીતો હસ્તકળા, ખેતી વિષયક બાબતો વગેરે) થી પરિચિત થાય તે માટે વિવિધ પગલાઓ અને આયોજનો કરે છે, સમાજના પ્રખ્યાત લોકો, કલાકારોના ચિત્રો પ્રદર્શિત કરે છે, આસપાસના જોવાલાયક સ્થળો અંગેના પ્રદર્શન કરે છે. સમાજના તથા આસપાસના જાણીતા કલાકારો કારીગરો શાળામાં બોલાવીને બાળકો સાથે પરિચિત કરાવે છે. | શાળા સ્થાનિક સમાજની આવડતો કૌશલ્યો વગેરેના શિક્ષણ પ્રક્રીયામાં સમાવેશ કરે છે. વિવિધ વિષય અને વર્ગોમાં સુવ્યવસ્થિત આયોજનપૂર્વક તેનો અમલ કરે છે. સામાજ અને ગામોનો પર્યાવરણ અને સાંસ્કૃતિક બાબતોનો શિક્ષણમાં ઉપયોગ કરે છે. સમાજ બાળકો માટે વિવિધ અને વિશિષ્ટ પ્રકારની વ્યાવસાયિક પ્રવૃતિઓ માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે. |

RMSA

| Core Standard | Descriptor | | |
| --- | --- | --- | --- |
| | Level -1 | Level -2 | Level -3 |
| Empowering Community | SMC શાળાના SDPના અસરકારક અમલ માટેની આવશ્યક એવા નવા અને વિશિષ્ટ સંશાધનો શોધી તેને અમલમાં મૂકે છે. | SMC શાળાના નિભાવ અને સુધારાઓમાં વધારો કરવા માટે સંશાધનોને સતત ઉપયોગી બનાવે છે. શાળા અને સમાજ સંયુક્ત પણે શાળામાં અને શાળા બહાર વિવિધ કાર્યક્રમો અને પ્રવૃતિઓનો આયોજન કરે છે. | શાળા અને સમાજ શાળા બહારના સમાજ ઉપરાંત NGO, જાહેર સાહસો, ખાનગી સાહસો વગેરેની મદદથી સંશાધનો પેદા કરે છે. શાળા સંચાલકો શાળાની બહાર ઉપયોગી અને પ્રવૃતીઓ જેમકે સફાઈ અભિયાન, સાકારના અભિયાન, સામાજીક દૂષણો, જાતિગત પરીક્ષણ, વગેરે જેવી બાબતો અંગે જાગૃતિ કેળવવા માટે કાર્યક્રમોનું આયોજન કરે છે સમાજને ઉપયોગી તથા આવશ્યક બાબતોનો સંદેશો સમાજ સુધી પહોચે તે માટેની યોગ્ય તક પૂરી પાડે છે. |

RMSA